# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-04-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## GCCI-ગૃહમંત્રી-સી.એમ:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ગુજરાત આજે વૈશ્વિક અર્થતંત્રનું પ્રવેશદ્વાર બન્યું છે. ગુજરાતના અમદાવાદમાં ગુજરાત વેપાર મહામંડળ- GCCIના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'ગેટ 2025'નો ઑનલાઈન માધ્યમથી શુભારંભ કરાવતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું, ટ્રેડથી ટૅકનોલૉજી, ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી- I.T.થી ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ- M.S.M.E.થી સ્ટાર્ટ-અપ સુધીના દરેક ઉદ્યોગને અનુરૂપ વાતાવરણ તથા જરૂરી સંશાધનોની ઉપલબ્ધતાના કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઍક્સ્પૉની મુલાકાત લઈ વેપાર પ્રદર્શન નિહાળ્યું હતું. તેમણે જણાવ્યું, રાજ્યમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' સ્થાપવામાં GCCIનું મહત્વનું યોગદાન છે.

------------------------------------------------------------------------------------------

## હોમીયોપેથી પરિષદ:

કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું, તબીબી વિજ્ઞાનના વૈશ્વિક નકશા પર સ્થાન પામીને ગુજરાત ઇતિહાસ રચશે. ગાંધીનગરમાં બે દિવસીય હોમીયોપેથી કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી જાધવે જણાવ્યું કે, ‘રોગ મુક્ત ભારત અભિયાન’માં હોમીયોપેથી ઉપચારને સાથે રાખીને આવનારા સમયમાં કામગીરી કરવાની રહેશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, 48 હોમિયોપેથી કોલેજ સાથે શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ગુજરાત દેશના અગ્રેસર રાજ્યમાં

સ્થાન પામ્યું છે. શ્રી પટેલે જણાવ્યું, જામનગરનું WHO વૈશ્વિક પરંપરાગત દવા કેન્દ્ર એ પરંપરાગત ચિકિત્સા પદ્ધતિમાં નવું સીમાચિહ્ન બનશે.

દરમિયાન, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, દેશમાં મહારાષ્ટ્ર બાદ સૌથી વધુ 48 હોમિયોપેથી કોલેજ ગુજરાતમાં છે. હાલમાં ૪ હજાર ૩૬૦ સ્નાતક અને ૩૨૨ અનુસ્નાતકની બેઠક સાથે રાજ્યમાં હોમિયોપેથી શિક્ષણ માટેનું ઉત્તમ માળખું ઉપલબ્ધ છે. હાલમાં અંદાજે ૧૫ લાખ જેટલા દર્દીઓ હોમીઓપેથી ચિકિત્સાનો લાભ લઈ રહ્યા છે જે ગૌરવ સમાન છે.

---

## કચ્છી ભાષા-જાણ સુજાણ પરીક્ષા:

કચ્છી ભાષાના પ્રચાર, પ્રસાર અને સંવર્ધન હેતુ  કચ્છી સાહિત્ય કલા સંઘ દ્વારા યોજાતી કચ્છી ભાષાની જાણ-સુજાણ પરીક્ષા ઓનલાઇન ઇ-પરીક્ષા યોજવામાં આવે છે, જેમાં આ વર્ષે કુલ 2103 પરીક્ષાર્થી જોડાયા હતા. આ પરીક્ષામાં  કુલ 73 પરીક્ષાર્થી 100 ગુણ મેળવવામાં સફળ થયા હતા.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં 25 વર્ષથી ચાલતી આ પરીક્ષા પ્રવૃત્તિ વિશે પદ્મશ્રી કારાયલજીએ જણાવ્યું હતું કે, સંસ્થાની સ્થાપનાથી લઇને 2020 સુધી વીઆરટીઆઇ માંડવીના સહયોગથી 20 પ્રયોગમાં જાણ-સુજાણ બંને પરીક્ષામાં 64,330 અને છેલ્લાં પાંચ વર્ષથી ઇ-પરીક્ષામાં 9580 એમ કુલ્લ 73,910 પરીક્ષાર્થી જોડાયા હતા.

---

## હવામાન:

રાજ્યમાં ચાલી રહેલ હીટવેવમાં નાગરિકોને આગામી દિવસોમાં ગરમીથી થોડી રાહત થશે તેવી આગાહી હવામાન વિભાગે જાહેર કરી છે. પવનની દિશા પશ્ચિમથી ઊતર પશ્ચિમની થતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થતા તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે.  દરમિયાન ગઈકાલે કંડલમાં રાજ્યનું મહત્તમ તાપમાન 46 ડિગ્રી, જ્યારે રાજકોટમાં 45 ડિગ્રી સેલ્સીયસ

તાપમાન નોંધાયું હતું.જીલ્લા મથક ભુજનું તાપમાન 40.2 ડિગ્રી નોંધાતા શહેરીજનોને દિવસ દરમ્યાન  ગરમીનો સામનો કરવા પડ્યો હતો.

---

## હાટકેશ્વર પાટોત્સવ ઉજવણી:

નાગર જ્ઞાતિના  ઇષ્ટ દેવ હાટકેશ્વર મહાદેવના પાટોત્સવની આજે સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં નાગર સમાજ દ્વારા શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. ભુજનાં પ્રાચીન હાટકેશ્વર મહાદેવનાં મંદિરે આજે સવારે સમૂહ યજ્ઞોપવિત લઘુ રુદ્ર, યજ્ઞ, મહા આરતી સહિતના કાર્યક્રમો  યોજાશે.  શહેરમાંથી શોભા યાત્રા નીકળશે.  જે શહેરમાં ફરી મંદિરે પરત ફરશે.

દરમ્યાન ગઈકાલે પાટોત્સવની પૂર્વ સંધ્યાએ  સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ભુજ ઉપરાંત અંજાર ગાંધીધામ, માંડવી, મુન્દ્રા વિગેરે શહેરોમાં પૂજન અર્ચન શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમો યોજાશે. પશ્ચિમ છેવાડે લખપતનાં હાટકેશ મંદિરમાં આજે એ નિમિતે દીપમાળા યોજાશે.

---

## એકલ માતા-લોક મેળો:

રણ કાંધીએ આવેલ એકલ માતાનાં મંદિરે ચૈત્રી પૂનમે આવતીકાલે શનિવારે પરંપરાગત લોકમેળો યોજાશે. પૂર્વ કચ્છમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવાના હેતુ થી કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને રાજસ્થાનની લોક સંસ્કૃતિ દર્શાવતા ભાતીગળ લોકરાસનું આયોજન થયું છે. મેળા પૂર્વ આજે રાત્રે સંતવાણી અને લોક સંગીત કાર્યક્રમ યોજાશે.

---

## શીખ સંપ્રદાય-વૈશાખી પર્વ:

શીખ સંપ્રદાયના વૈશાખી પર્વ તેમજ  ખાલસા પ્રાગટ્ય દિવસની ત્રણ દિવસની ઉજવણીનો આજથી આરંભ થાય છે. ભુજમાં શીખ ગુરુદ્વારા સમિતિ દ્વારા લાલ ટેકરી ખાતે આજે

સવાર થી અખંડ પાઠ અને કીર્તનનો આરંભ થશે. જેનું સમાપન વૈશાખી પર્વનાં દિને ગુરુ કા લંગર સાથે થશે.

---

## આઈ.પી.એલ:

દિલ્હી કેપિટલ્સે IPLમાં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 6 વિકેટથી હરાવી સતત ચોથી જીત નોંધાવી છે. બેંગલુરુએ 7 વિકેટ ગુમાવીને 163 રન બનાવ્યા. જવાબમાં દિલ્હી કપિટલ્સે 17.5 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો. દિલ્હી તરફથી કેએલ રાહુલે મેચ વિનિંગ 93 રન બનાવ્યા હતા.

---